For Private Circulation Only

# B.P.A. Bulletin

BLIND PEOPLE'S ASSOCIATION (INDIA) AHMEDABAD

Devoted to
Comprehensive Development
Of Persons with Disabilities

YEAR 2021-22 ▲ VOLUME : II ▲ JAN-APRIL 2022 (APRIL 2022) (This Bulletin is available on website : www.bpaindia.org)

બુલેટીન

BLIND PEOPLE'S ASSOCIATION (INDIA)

## મોરેશીયસનાં વડાપ્રધાનશ્રીની મુલાકાત



મોરેશીયસનાં માનનીય વડાપ્રધાનશ્રી પ્રબિંદ જુગનાથ અને તેમનાં ધર્મપત્નીશ્રી શ્રીમતિ કોબિતા રામદાની જુગનાથે તારીખ : ૨૦/૦૪/૨૦૨૨નાં રોજ બીપીએની મુલાકાત લીધી હતી. ભારતમાં અને ગુજરાતમાં અન્યત્ર સ્થળોએ તેઓની અનેક મુલાકાતોમાં સતત વ્યસ્તતા હોય છતાં પણ દિવ્યાંગજનો માટે સતત કાર્યરત બીપીએ સંસ્થાની મુલાકાત લઈને તેઓ પ્રભાવિત થયા હતાં. આ સમયે સંસ્થામાં તેઓનું ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું આ સાથે શ્રીમતિ સુનૈયા તોમર (આઈએએસ) અધિક મુખ્ય સચિવશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર તરફથી અને સંસ્થાનાં ઉચ્ચ પદાધિકારીશ્રી, સ્ટાફશ્રી, દિવ્યાંગ ભૂલકાઓએ તેઓનું અભિવાદન કર્યું હતું. આ મુલાકાતથી દિવ્યાંગ બાળકોમાં ખુશીની લાગણી વ્યક્ત થતી નિહાળી શકાતી હતી.

## મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ ગૃપ

મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ ગૃપનાં ચેરમેનશ્રી શ્રી વિશાદ મફતલાલે તારીખ : ૨૪/૦૨/૨૦૨૨ નાં રોજ બીપીએની શુભેચ્છા મુલાકાત લીધી હતી તેમજ એક્ઝીક્યુટીવ સાથે દિવ્યાંગજનોનાં કાર્ય અંગે પરામર્શ કરી હતી. આ સમયે તેઓને દિવ્યાંગજનોની વિવિધ પ્રવૃતિઓ અંતર્ગત પ્રેઝન્ટેશનનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, લાભાર્થીઓને મફતલાલ ગૃપ દ્વારા સ્માર્ટફોન, દવાઓ, સાધન સહાય, આર્થિક સહયોગ પ્રાપ્ત થાય છે. તેઓએ આ દરમ્યાન કેમ્પસમાં ચાલતી વિવિધ પ્રવૃતિઓનાં વિભાગની મુલાકાત લીધી હતી આમ, વિવિધ સહાય પ્રાપ્ત કરતાં દિવ્યાંગજનો સાથે ગોષ્ઠિ પણ કરી હતી.



## સ્કુલ ઓફ ઓપ્ટોમેટ્રી

''શેઠ જમનાભાઈ ભગુભાઈ બીપીએ સ્કુલ ઓફ ઓપ્ટોમેટ્રી - વર્ષ ૨૦૧૮''થી પ્રોફેશનલ ડિગ્રી માટે બેચરલ ઈન ઓપ્ટોમેટ્રી અહી આ ક્ષેત્રમાં તાલીમ આપે છે. ત્યારે આ ક્ષેત્રમાં ગુજરાત યુનિ. દ્વારા પ્રથમ બેચની મંજૂરી મળે અહીં કોર્સ કરતાં વિદ્યાર્થીઓ ગુજ. યુનિ. માંથી ઓપ્ટોમેટ્રીમાં સ્નાતક ડિગ્રી પ્રાપ્ત કરશે. આ કોર્સમાં અભ્યાસ માટે અત્યાર સુધીમાં ૨૯ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન (નોંધણી કરાવેલ છે.) આમ બારેજા હોસ્પિટલનાં આ કેમ્પસમાં તા. ૧૬/૦૪/૨૦૨૨ નાં રોજ શિલારોપણ સમારોહ યોજીત કરવામાં આવ્યો હતો. આ સમયે ભૂમિપુજનમાં શ્રી રાજીવ વાસ્તુપાલ, શ્રી શ્રેયાંગ સુતરિયા, શ્રી જગ મહેતા અને શ્રી દર્શ પિનાકીન જેઓ કે તેમણે આ પ્રોજેક્ટને સ્પોન્સર કર્યો છે. તેઓનાં વરદ્ હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બીપીએનાં ટ્રસ્ટીશ્રીઓ, પણ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કોલેજનાં આત્યાધુનિક બિલ્ડીંગમાં ઈન્ટરશીપ વર્ષ માટે અલગથી એડવાન્સ ક્લાસરૂમ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે તેમજ આચાર્યશ્રી, બેઠક વ્યવસ્થા, રિફ્રેશમેન્ટ એરીયા, ફિઝીક્સ, લેબોરેટરી, ઓફિસ કોન્ફરન્સ રૂમ, કોમ્પ્યુટર લેબોરેટરી કર્મચારીશ્રી અને વિદ્યાર્થીઓ માટે નિવાસસ્થાન વગેરેમાં અદ્યતન સુવિધા સજ્જ અલગ-અલગ બનાવવામાં આવશે તેમજ બિલ્ડીંગમાં સ્કુલ ઓફ ઓપ્ટોમેટ્રીથી વિદ્યાર્થીઓની અભ્યાસ કરવા માટે આગામી સમયમાં બેઠકોમાં પણ વધારો કરવામાં આવશે.






## ઈમ્યુલ્સફિકેશન કેન્દ્ર - રોટરી

બારેજા આંખની હોસ્પીટલમાં ફેકોની શસ્ત્રક્રિયા કરવા માટે અદ્યતન મશીનોની જરૂરિયાત માટે આંતરરાષ્ટ્રીય સ્તરેથી ગ્રાન્ટ મેળવતા યુએસએનાં એક દાતાશ્રી ડૉ.લીલાબેન શાહે દસ હજાર ડોલર આપ્યાં હતાં, જ્યારે અન્ય નાણાકીય વ્યવસ્થા (D-૩૦૪૦ અને રોટરી ક્લબ D-૭૬૨૦) સુપ્રિમ ક્લબ ઓફ અમદાવાદ તરફથી આપવામાં આવ્યા હતા.





## ઠાસરા વિઝન સેન્ટર ઉદ્‌ઘાટન



સેવા ફાઉન્ડેશન દ્વારા સમર્પિત ઠાસરા વિઝન સેન્ટરનું ઉદ્‌ઘાટન વર્ષ - ૨૦૨૨માં કરવામાં આવ્યું હતું. આ સેન્ટર બીપીએ પોરેચા હોસ્પિટલ દ્વારા અમલીકરણ કરવામાં આવશે. આમ યુ.એસ.એ.નાં સેવા ફાઉન્ડેશન દ્વારા બે સેન્ટરો પૈકી ઠાસરામાં તારીખ : ૧૫/૦૩/૨૦૨૨ નાં રોજ તેમજ ભૂજમાં નખત્રાણા ખાતે તારીખ ૨૬/૦૩/૨૦૨૨નાં રોજ વિઝન સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉદ્‌ઘાટન સમયે અખિલ કચ્છ, લોહાણા સમાજ સંચાલિત દરિયા સ્થાન મંદિર દ્વારા લોહાણા મંડળનાં પ્રમુખશ્રી બળદેવ રાજડા અખિલ કચ્છ રઘુવંશી - સોશ્યલ ગ્રુપનાં શ્રી વસંતભાઈ કોડરાણી પૂર્વ પ્રમુખશ્રી તેમજ સરપંચશ્રી રિધ્ધી વાઘેલાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ સેન્ટર કેન્દ્ર સેવા ફાઉન્ડેશન યુએસએ દ્વારા પ્રાયોજીત કરવામાં આવ્યો હતો.



## માનસિક આરોગ્ય ચેકઅપ કેમ્પ

ગુજરાત સ્ટેટ સીડ્સ કોર્પોરેશન લિમીટેડ દ્વારા કંપનીનાં સીએસઆર હેઠળ માનસિક આરોગ્ય રક્ષક સેવાઓ અંગે ચેકઅપ કેમ્પ બીપીએ દ્વારા માનસિક સારવાર કેન્દ્ર બાયડ તાલુકામાં કર્યો હતો તેમજ વાત્રક હોસ્પિટલ, સાબરકાંઠા ખાતે દિવ્યાંગજનોને માટે વ્હીલચેર, ટ્રાઈસિકલ તેમજ જરૂરી સ્વરોજગારની સાધન સામગ્રીની કીટ પૈકી સાધન સહાય આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત સ્ટેટ સીડ્સ કોર્પોરેશન લિમીટેડનાં મેનેજીંગ ડાયરેક્ટરશ્રી પી.એસ.રબારી તેમજ ધારાસભ્યશ્રી જસુભાઈ પટેલ તેમજ મુખ્ય અતિથિ તરીકે હતાં. જ્યારે એકલ ફાઉન્ડેશનનાં સીઈઓ શ્રી રમેશભાઈ શાહ, નિવૃત મુખ્ય સચિવશ્રી પી. કે લહેરી પણ ઉપસ્થિત કાર્યક્રમમાં રહ્યાં હતાં.










## હિયરીંગ એસેસમેન્ટ - લોટસ બારેજા

કોવિડ-૧૯ (કોરોના)ના અતિગંભીર રોગ મહદ્ અંશે કાબુમાં આવ્યા પછી માનવજીવન ધબકતું થઈ ગયુ છે, તેમાં સરકારી, પ્રાઈવેટ કચેરીઓ અને સેવાઓનાં કાર્ય પુનઃ શરૂ થઈ ગયા છે. દિવ્યાંગજનો માટે લોટ્સ હિઅરીંગ એસેસમેન્ટ વિભાગ દ્વારા તા. ૬ એપ્રિલથી ઓપ્ટીમેટ્રી તપાસ કરવામાં આવી હતી. આમ દિવ્યાંગજનો માટેની સેવાઓ પણ બારેજા હોસ્પિટલમાં અવિરત ચાલુ છે.





## એનએબી, ભરૂચ



બીપીએ, પોરેચા આઈ હોસ્પિટલ, બારેજા દ્વારા આંખ ચિકિત્સા કેમ્પ ભૂજ,નર્મદા જિલ્લામાં સીએસઆરનાં સહયોગથી કરવામાં આવે છે. તે બદલ ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ડૉ. ધર્મેન્દ્ર જૈનાને "એનએબી ભરૂચ શાખા દ્વારા" "પ્રજ્ઞા સથવારે" અને પુણ્યાર્થનો પ્રવાસ ની થીમ સાથે યોજાયેલ કાર્યક્રમમાં તારીખ : ૧૩-૦૩-૨૦૨૨ નાં રોજ સન્માનિત કરવામાં આવ્યાં હતાં.



# એવોર્ડ એનાયત







બીપીએનાં સ્વયં સેવક અને કાર્યકારી સમિતિનાં સભ્યશ્રી શ્રીમતિ ઉપાસના ચાવડાને તેમની ઉત્કૃષ્ઠ સેવાઓ માટે વર્ષ - ૨૦૨૧નો ડૉ.અમરનાથ ટંડન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે તેમજ માર્ચ - ૨૦૨૨માં (નાસિયો), વિક્લાંગ વ્યક્તિઓનાં પુનર્વસન માટે તેમનાં ઉત્કૃષ્ઠ સેવાનાં સતત યોગદાન બદલ પ્રાપ્ત થયો છે.

## એવોર્ડ સ્વીકાર



બીપીએ વર્ષને - ૨૦૨૧ માટે સુલક્ષણા રામજન પાંડે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. . આ કાર્યક્રમ તારીખ : ૨૫/૦૩/૨૦૨૨નાં રોજ નાસિયો પોસ્ટલ કોલોની રોડ, ચેમ્બુર, મુંબઈ ખાતે યોજવામાં આવ્યો હતો. તેમાં બીપીએનાં પ્રતિનિધિ શ્રી કિન્નરી દેસાઈએ એવોર્ડ સ્વીકાર્યો હતો.



અમદાવાદ ગિફ્ટ આર્ટીકલ્સ શો રૂમનું ઉદ્‌ઘાટન બીપીએનાં દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જીએલએસ એવોર્ડ




જીએલએસ યુનિવર્સિટી દ્વારા વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કાર્યમાં અગ્રેસર રહીને મહિલાઓ માટે વિશિષ્ઠ સેવાઓ પ્રદાન કરી હોય તેવી મહિલાઓને તારીખ : ૨૬/૦૩/૨૦૨૨ નાં રોજ યુર્નિ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતાં. તેમાં દિવ્યાંગો મહિલાઓનાં ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ કાર્ય બદલ શ્રી કિન્નરી દેસાઈને એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.



**ભારતીય પુનર્વસન પરિષદ દ્વારા વિશિષ્ટ શિક્ષકોને ઓરિએન્ટેશન તેમજ વિશિષ્ટ શિક્ષણમાં દ્રષ્ટિક્ષતિ, અલ્પદ્રષ્ટિ ધરાવતા વ્યક્તિઓને શિક્ષિત કરવા અને તાલીમ આપવા અનેક ક્ષેત્રમાં સતત કાર્યવંત રહે તે માટે તાલીમ કાર્યક્રમ કરવામાં આવે છે. આ કાર્યક્રમો માટે તજજ્ઞ સમિતિનાં સભ્ય તરીકે બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદિનીબેન રાવલની સમિતિનાં સભ્યશ્રી તરીકે પસંદગી થઈ છે.**

## સિલ્વર જ્યુબીલી ઉજવણી -સેન્સ ઈ. (ઈન્ડિયા)





સેન્સ ઈન્ટરનેશનલ (ઈન્ડિયા) ની પચ્ચીસમીં સિલ્વર જ્યુબીલી ઉજવણી તારીખ : ૨૯/૦૩/૨૦૨૨ નાં રોજ કરવામાં આવી હતી. આ સિલ્વર જ્યુબીલી ઉજવણી પર બધિરાંધ વિદ્યાર્થીઓએ પણ શુભેચ્છાઓ આપી હતી.

આ ખાસ દિવસ ની સાથે સાથે સેન્સ ઈન્ટરનેશનલ (ઈન્ડિયા)નાં ડાયરેક્ટરશ્રીનો તા. ૧ એપ્રિલ જન્મદિન હોય આ દિવસે વિદ્યાર્થીઓએ તેમજ કર્મચારીશ્રીઓ આ સમૂહમાં પ્રિતી ભોજન લીધુ હતું અને વિદ્યાર્થીઓએ આ પ્રસંગે આનંદ વ્યક્ત કર્યો હતો.

## શૈક્ષણિક કીટ વિતરણ



બીપીએનાં પ્રાંગણમાં બત્રીસ દિવ્યાંગ બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ તારીખ : ૨૮-૦૩-૨૦૨૨નાં રોજ કરવામાં આવ્યું હતું. તેમાં ગુજરાત સરકારશ્રીનાં સામાજિક સુરક્ષા વિભાગનાં પદાધિકારીશ્રી દર્શન દેસાઈ, બીપીએનાં જનરલ સેક્રેટરીશ્રી ડૉ. ભૂષણ પુનાની, પ્રોજેક્ટ ડાયરેક્ટશ્રી શ્રીમતી વિમલબેન થવાણી તેમજ એમ.એસ.ઈ.સી MSEC નોઈડાના શ્રી સુબેશ ચૌધરી વિતરણ સમારંભમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## કીટ વિતરણ સમારોહ

બીપીએ દ્વારા દિવ્યાંગ ભૂલકાઓનું સેન્ટર સેન્ટર બનાસકાંઠામાં ખુશીઓનું સરનામું - ૧,ડીસા ખાતે જિલ્લાનાં સમાજ સુરક્ષા અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં તારીખ ૩૦/૦૩/૨૦૨૨ નાં રોજ સત્તાવન મનો દિવ્યાંગ ભૂલકાઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.




ખુશીઓનું સરનામું-૧ ડીસાનાં મનો દિવ્યાંગ બાળકોને તારીખ : ૨૯ માર્ચ-૨૦૨૨ નાં રોજ ૨૩ બાળકોને શૈક્ષણિક કીટ જિલ્લાનાં સમાજ સુરક્ષા અધિકારીશ્રી દ્વારા તેઓનાં વરદ્ હસ્તે કાર્યક્રમમાં એનાયત કરવામાં આવી હતી.



## સિલાઈ તાલીમ - ભાવનગર

રાષ્ટ્રીય અંધજન મંડળ, ભાવનગર જિલ્લા શાખા દ્વારા દિવ્યાંગ મહિલાઓને સિલાઈ કામ માટેની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ સમાપન પ્રસંગ કાર્યક્રમમાં સંમસરા ગ્રૃપનાં ચેરમેન અને સીઈઓ શ્રી મુકેશ ઓઝાનાં જન્મદિને ઉજવણી કરવામાં આવી હતી તેમજ  દિવ્યાંગ બહેનોને સિલાઈની તાલીમથી સ્વરોજગારીમાં ફાયદો થશે.આ કાર્યક્રમ પ્રસંગે તેઓનાં ઉદ્દ્બોધનમાં આગામી પાંચ વર્ષમાં એક હજાર આંઠ સિલાઈ શાળાઓ શરૂ કરીને દિવ્યાંગ મહિલાઓને સ્વરોજગારીની તક પુરી પાડવામાં આવશે.

આ પ્રસંગે બીપીએનાં જનરલ સેક્રેટરીશ્રી ડૉ.ભૂષણ પુનાની અને એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી તેમજ આસીસ્ટન્ટ ડાયરેક્ટરશ્રી ભરત જોશી ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમ તારીખ ૧૭-૦૩-૨૦૨૨ નાં રોજ યોજાયો હતો. તેમાં સ્થાનિક અગ્રણી શ્રી લાભુભાઈ સોનાણી પણ હાજર રહ્યાં હતાં.




## ચેરીટી કેમ્પ :







અમદાવાદ શહેરનાં રોહિણી અશ્વિની ગાર્ડનના વરિષ્ઠ નાગરિક મિત્રમંડળ દ્વારા કોવિડ - ૧૯ બાદ ચેરિટી કેમ્પનું તારીખ : ૦૪/૦૪/૨૦૨૨ નાં રોજ આયોજન દિવ્યાંગજનોના લાભાર્થે કર્યું હતું. ખાસ કરીને બીપીએની સ્થાપના ૧૯૫૦ માં થઈ હતી. આમ આ અંતર્ગત  ચેરિટી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બીપીએ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. અહીં તેઓએ સંગઠિત થઈને રૂ. ૦૩,૦૨,૫૦૦/- મોતિયાના ઓપરેશન માટે આપ્યા હતાં. આમ ઓગણીસ વર્ષથી તેઓ દિવ્યાંગજનોની સેવાઓમાં જોડાયેલા રહ્યાં છે અને અવાર-નવાર સોસાયટીઓમાં જઈને બિન જરૂરી સામાન એકત્રીકરણ કરીને લાભાર્થીઓને માટે ચેરિટીશોપમાં આપે છે.

## ચિત્ર સ્પર્ધા :

શ્રી કુંજ ગૃપ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન તારીખ : ૧૩/૦૪/૨૦૨૨ નાં રોજ કરવામાં આવ્યું હતું. તેમાં ચાલીસ બાળકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનાં આયોજનમાં નિવૃત શિક્ષિકાશ્રી સુધાબેન જોશી અને નિમિષાબેન મહેતાનો મુખ્ય ફાળો રહ્યો હતો. આ ચિત્ર સ્પર્ધામાં વિજેતા થયેલા સ્પે. ભૂલકાઓને  રોકડ પુરસ્કાર અને કીટ, ઈનામો તેમજ ચા - નાસ્તાની પણ વ્યવસ્થા બાળકોને માટે કરવામાં આવી હતી. આ ચિત્ર સ્પર્ધાને સુશોભિત કરવામાં અન્ય શિક્ષકશ્રીઓનો પણ અથાગ પરિશ્રમ હતો.















## દિવ્ય કલા શક્તિ

મુંબઈમાં દિવ્યકલા શક્તિ સાંસ્કૃતિક કાર્યક્રમનું ભારત સરકારનાં વિકલાંગ વ્યક્તિઓનાં સશક્તિકરણ વિભાગ દ્વારા પશ્ચિમ ઝોન માટે “દિવ્યકલા શક્તિ” સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તારીખ : ૨૭/૦૪/૨૦૨૨ નાં રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અલીયાવર જંગ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ સ્પીચ એન્ડ હિયરીંગ ડિસેબીલીટી મુખ્યકર્તા રહ્યાં હતા. જ્યારે નોડલ એજન્સી તરીકે બીપીએ, વસ્ત્રાપુર હતા. અહીં દિવ્યાંગજનોની કલાત્મક શક્તિ પ્રદર્શિત કરવાની આ શ્રેષ્ઠ ઉમદા તક ગણાય. અહીં બહુવિકલાંગતા ધરાવતા ભૂલકાઓએ સોલો પર્ફોર્મન્સ આપ્યુ હતું.તેમજ અન્ય કલાઓ પૈકી ડાન્સ, ગીત, મીમીક્રી વગેરે પણ હતા. આ કાર્યક્રમમાં વિવિધ રાજ્યો જેવા કે મધ્ય પ્રદેશ, ગોવા, છત્તીસગઢ, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, દીવ-દમણ અને દાદરાનગર હવેલીનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાતમાંથી બાર દિવ્યાંગ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અહીં વિદ્યાર્થીઓએ ગરબા, યોગા અને પિયાનો વગાડીને પ્રેક્ષકોનાં દિલ જીતી લીધા હતા. આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રનાં રાજ્યપાલ શ્રી ભગતસિંહ કોશિયારી ઉપસ્થિત રહ્યાં હતાં.

## પેરા એથ્લેટીક ચેમ્પીયનશીપ



રાષ્ટ્રીય પેરા એથ્લેટીક્સ ચેમ્પીયનશીપ ઓરિસ્સા ભૂવનેશ્વર ખાતે તારીખ : ૨૮ થી ૩૧ માર્ચ - ૨૦૨૨ દરમ્યાન યોજાયી હતી. આ ચેમ્પીયનશીપમાં જિવેલીન થ્રો શ્રી ભાવના ચૌધરી, (ગોલ્ડ) શ્રી તખુ કુકડિયા જ્વેલિન થ્રો, (ગોલ્ડ) શ્રી જગદીશ પરમાર લોન્ગ જમ્પ (સિલ્વર), જ્યારે ઈન્ડિયન ઓપન પેરા એથ્લેટીક્સ ચેમ્પીયનશીપમાં ખોડાજી ઠાકોર ઉંચો કુદકોની અંદર સિલ્વર અને ૪૦૦ મીટર દોડમાં (બ્રોન્ઝ) મેળવ્યો હતો.




## ટેબલ ટેનિસ






ટેબલ ટેનિસ રમતવીરા શ્રી ભાવિના પટેલને ૭, એપ્રિલ - ૨૦૨૨ નાં રોજ રોકડ પુરસ્કાર મળ્યો હતો તેમાં ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસીએશન દ્વારા પાંચ લાખ રૂ. પ્રાપ્ત થયા હતાં.

ભાવિના પટેલ અને સોનલ પટેલને ગોલ્ડ મેડલ પેરા એબિલિંપિક ટેબલ ટેનિસ ઈજીપ્ત ઓપન-૨૦૨૨ સિંગલ્સ રમતમાં પ્રાપ્ત થયો હતો.



## સ્કુલ કાર્યક્રમ



બાવળા સવિનય સંમ્મિલિત વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ ધોરણ - ૮ બાદ માધ્યમિક શિક્ષણમાં જતાં હોય વિદાય કાર્યક્રમ તારીખ : ૦૯-૦૪-૨૦૨૨ નાં રોજ રાખવામાં આવ્યો. આ વિદાય સમારંભ કાર્યક્રમમાં દાતાશ્રીએ ઉપસ્થિત રહી બાળકોને વિદાય સમારંભમાં આશીર્વચન આપ્યા હતા.

જ્યારે બીપીએનાં નાઝ સેન્ટરમાં પણ પ્રાથમિક શિક્ષણ પુર્ણ કરી માધ્યમિક શિક્ષણ તરફ ડગ ભરવાની શરૂઆત કરતાં પ્રાથમિક કક્ષાએ વિદાય કાર્યક્રમ બીપીએ એમ.એસ.એમ - નાઝ સ્કુલમાં ગોઠવવામાં આવ્યો હતો આ કાર્યક્રમ તારીખ : ૧૩-૦૪-૨૦૨૨ નાં રોજ યોજાયો હતો. તેમાં બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ભરત જોષી અને કો-ઓર્ડિનેટર શ્રી જીગ્નાબેન જોષી ઉપસ્થિત રહ્યાં હતા.

## ખેલ મહાકુંભ











ખેલ મહાકુંભ તારીખ : ૨૧ એપ્રિલ - ૨૦૨૨ નાં રોજ સેન્ટ ઝેવિયર્સ સ્કુલ લોયલા એથ્લેટીક્સ ફોર અમદાવાદ જિલ્લા તાલુકા લેવલે રમતો રમાયી હતી. તેમાં..........

ધ્રુવી કમલેશભાઈ પંડ્યા - પર્સન વિથ બધિરાંધ - વિજેતા

ત્રણ રમતો - ૧૦૦ મીટર - દોડ - પ્રથમ, ડીસ થ્રો બીજો નંબર, જ્વેલિન થ્રો - ત્રીજો

તારીખ : ૧૨ માર્ચ, ૨૦૨૨ નાં રોજ દિવ્યાંગજનો સહ કર્મચારીગણ ખેલ મહાકુંભનાં ઉદ્‌ઘાટન સમયે જીએમડીસી ગ્રાઉન્ડ, અમદાવાદમાં રહ્યાં.

આઝાદીનાં અમૃત મહોત્સવ પ્રસંગે તારીખ : ૦૭ એપ્રિલ, ૨૦૨૨ નાં રોજ આરોગ્ય ચેકઅપ કર્ણાવતી મેડીકલ કોલેજ ઉવારસદ, ગાંધીનગરમાં દિવ્યાંગજનોએ ભાગ લીધો હતો.

આ સ્પે. ઓલમ્પિક ફીટ ફાઈટ પ્રોગ્રામ સહ સમાપન કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિનાં પ્રાસંગિક ઉદ્‌બોધન કાર્યક્રમમાં મોદી સ્ટેડીયમ, સાબરમતી અમદાવાદ ખાતે બાળકો હાજર રહ્યાં હતાં.

૨) શારિરીક અક્ષમ રમતવીર માયાભાઈ અને પાંચદિવ્યાંગ રમતવીરોએ કોલકાત્તા ખાતે વેઈટલીફટીંગમાં ટુર્નામેન્ટમાં ભાગ લીધો.

૩) શ્રી રેશ્મા - સીલ્વર મેડલ "નેશનલ વેઈટ લીફટીંગ" ચેમ્પીયનશીપ કલકત્તામાં રહ્યાં.

૪) શ્રી સપના શાહ ભુવનેશ્વરમાં બ્રોન્ઝ નેશનલ પેરા એથ્લેટીક્સ ચેમ્પીયનશીપમાં રહ્યાં.

## બીપીએ મુલાકાતીઓ









- ઔદ્યોગિક તાલીમ કેન્દ્રના જોઈન્ટ વેરીફિકેશન રાજ્ય અધિકારીશ્રી એસ.એસ.પટેલ તેમજ શ્રી સોનમ શંકર આર.ડી.એસ.ડી.ઈ પ્રતિનિધિશ્રીએ તારીખ ૧૦-૦૨-૨૦૨૨નાં રોજ સંસ્થાની મુલાકાત લીધી હતી.
- એસ.વી.સી.ટી ટીમ ગૃપ ના યુ.એસ.એ પ્રમુખશ્રી ડૉ.અનિલભાઈ વી. શાહે તારીખ : ૦૧-૦૪-૨૦૨૨ નાં રોજ મુલાકાત કરી હતી.
- નખત્રાણા વિમેન સેન્ટરની શુભેચ્છા મુલાકાત કચ્છ-અબડાસાનાં ધારાસભ્યશ્રી પદ્મ્યુનસિંહ જાડેજાએ તારીખ : ૦૪-૦૪- ૨૦૨૨ નાં રોજ લઈને સેન્ટરનાં બાળકોનાં આશીર્વચન પાઠવ્યાં હતા.
- ગુજરાત વિધાનસભાનાં અધ્યક્ષશ્રી નીમાબેન આચાર્યએ તારીખ : ૦૭-૦૪-૨૦૨૨નાં રોજ નખત્રાણા વિઝન સેન્ટરની મુલાકાત લીધી હતી. તેમજ તેઓએ સહજતાથી કર્મચારીશ્રીઓ સાથે દિવ્યાંગજન કાર્ય અંતર્ગત ચર્ચા કરીને વિઝન ઈન ધ ડાર્ક બીપીએ સંલગ્ન અનુભવનો ખ્યાલ આપ્યો હતો.
- એકલ ફાઉન્ડેશનનાં સીઈઓ શ્રી રમેશભાઈ શાહે ટ્રાઈબલ સો. ઓફિસ ઉદ્ઘાટન તારીખ : ૨૨-૦૨-૨૦૨૨નાં રોજ કર્યું હતું. તેમાં બીપીએનાં પદાધિકારીશ્રી ઉપસ્થિત રહ્યાં હતા.

## શિવણકામની તાલીમ વિવિધ જગ્યાએ

**સિલાઈ મશીન આપ્યાં**

બીપીએ એમ.એસ.એમ નાઝ સેન્ટરમાં ઉષા સિલાઈ મશીન દ્વારા ૨૫ દિવ્યાંગ બહેનોને બાવળા તાલુકા અને નાઝ ગામમાં શિવણની તાલીમ આપી તેઓને સિલાઈ મશીન વિતરણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ તારીખ : ૧૧-૨-૨૦૨૨ નાં રોજ કરવામાં આવ્યો હતો. તેમાં આવાઝ ફાઉન્ડેશનનાં સહયોગથી સીએસઆર ગ્રાન્ટ આપવામાં આવી હતી.

**સિલાઈ સ્કુલ દ્વિતીય બેન્ચ :**

ઉષા સિલાઈના સહયોગથી દિવ્યાંગ બહેનોને તાલીમ તેમજ સિલાઈ મશીન વિતરણ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. આ તાલીમ કાર્યક્રમ તારીખ : ૧૧-૦૨-૨૦૨૨ થી ૧૯-૦૨-૨૦૨૨ સુધી હતો. આ વિતરણ કાર્યક્રમમાં ઉષા સિલાઈના રાજ્ય પ્રતિનિધિશ્રી અતુલ જૈન, ઉષા સ્કુલ ઉપ પ્રતિનિધિશ્રી દિપકભાઈ શર્મા તેમજ વિભાગનાં પદાધિકારીશ્રી સેન્ડીલ સક્સેના શ્રી વિજયભાઈ તેમજ બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ભરતભાઈ જોષી જેઓ તાલીમ કાર્યક્રમ સમાપન કાર્યક્રમ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.

**સિલાઈ સ્કુલ તાલીમ**

સાત દિવસીય સિલાઈ તાલીમમાં દિવ્યાંગ બહેનોએ તાલીમ પ્રાપ્ત કરી હતી. આ તાલીમ બનાસકાંઠાનાં પાલનપુરમાં યોજાય હતી. તેનું ઉદ્ઘાટન ૯-૦૩-૨૦૨૨ નાં રોજ કરવામાં આવ્યું હતું. આ તાલીમનું સંચાલન બીપીએ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ તાલીમ કાર્યક્રમનાં સહયોગી ઉષા આંતરરાષ્ટ્રીય અને આવાઝ ફાઉન્ડેશન રહ્યાં હતા. આ તાલીમ કાર્યક્રમમાં બહેનો તાલીમ વર્કશોપમાં જોડાયા હતા.

બનાસકાંઠાનાં ડીસા ખાતે પણ સિલાઈ કાર્યક્રમમાં તારીખ : ૦૯-૦૨-૨૦૨૨ નાં રોજ યોજાયો હતો. તેના સહયોગી આવાઝ ફાઉન્ડેશન તેમજ ઉષા સિલાઈ આંતરરાષ્ટ્રીય રહ્યાં હતાં.







- ''સોશ્યલ સર્વિસ ફોરમ'' અમદાવાદ યુનિવર્સીટીનાં ૪૪ વિદ્યાર્થીઓએ તારીખ : ૧૬-૦૩-૨૦૨૨નાં રોજ બીપીએનાં વિઝન ઈન ધ ડાર્ક સેન્ટરની મુલાકાતમાં દ્રષ્ટિહીનો માટે સમાજમાં જરૂરી અવેરનેસ અંતર્ગત પ્રભાવિત થયાં હતાં.
- નિરમા યુનિવર્સીટીનાં સાયન્સ વિભાગનાં એમ.એસ.સી બાયો ટેકનોલોજી વિભાગનાં પીસ્તાલીસ વિદ્યાર્થીઓઅ સંસ્થાનાં વિઝન ઈન ધ ડાર્ક ની મુલાકાત લીધી હતી.







બીપીએ પોરેચા આંખની હોસ્પીટલની મુલાકાત એસ.વી.સી.ટી (સમતા વિભાગ ચેરીટેબલ ટ્રસ્ટ) નાં બોર્ડ મેમ્બરોએ હોસ્પીટલની મુલાકાત લઈને દરેક વિભાગનું નિરીક્ષણ તેમજ સેવાઓ અંતર્ગત જાણકારી તારીખ : ૨૩-૦૪-૨૦૨૨ નાં રોજ પ્રાપ્ત કરી હતી. આ સાથે એક્ઝીક્યુટીવ બોર્ડ મીટીંગમાં એસ.વી.સી.ટી મોતિયાની શસ્ત્રક્રિયા માટે તેમજ પોરેચા હોસ્પિટલ અને મોતિયામુક્ત સાબરકાંઠા, અરવલ્લીનાં પ્રોજેક્ટ ઉપર માર્ગદર્શિત કર્યા હતાં.

## શહેરની વિવિધ સંસ્થાનાં વિદ્યાર્થીની મુલાકાત



આર. કે. ઈન્સ્ટિટ્યુટ વિદ્યાર્થીઓ




સિલ્વર ઓક કોલેજ વિદ્યાર્થીઓ



આર.એસ.આઈ ઈન્સ્ટિટ્યુટનાં વિદ્યાર્થીઓ

## વિવિધ નર્સીંગ કોલેજનાં વિદ્યાર્થીઓની મુલાકાત









## ડિજીટલ લાયબ્રેરી ઉદ્‌ઘાટન

દિવ્યાંગજનો સામાન્યજનો સાથે કોમ્પ્યુટર યુગમાં કદમ મિલાવી શકે અને કોમ્પ્યુટરનું સવિશેષ જ્ઞાન પ્રાપ્ત કરે તે ઉદ્દેશ્યથી આઈસીઈવીઆઈ દ્વારા ગુજરાતનાં ચાર વિવિધ સેન્ટરો પૈકી દાહોદ, કપડવંજ, પાલનપુર, સાયલામાં ડિજીટલ લાયબ્રેરીનાં ચાર સેન્ટર ખુલ્લા મુકવામાં આવ્યા છે, જ્યારે સુરત અને ભરૂચ તેમાં ઉમેરાયું છે.





## કલા કદર




શ્રી ગુજરાત અને શ્રીમતી ગુજરાત કાર્યક્રમ નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત કાર્યક્રમ દ્વારાં શ્રી મનસુરી સાહિલને એવોર્ડ વિજેતા તરીકે પાંચ હજાર રૂ. રોકડ ઈનામ તેમજ રૂ. ૨૫૦૦ નો ડ્રેસ મળ્યો છે.




## કોમ્પ્રેહેન્સિવ વિઝન સેન્ટર ઉનાવામાં બનશે.


ભગવતી સેપરોસ્ટ પ્રાઈવેટ લિ.ના સહયોગથી અને વિદ્યાર્થી આશ્રમ કેમ્પસ જગ્યા ઉનાવાનાં સૌજન્યથી તેમજ બીપીએ પોરેચા હોસ્પિટલ, બારેજા દ્વારા સંચાલિત કોમ્પ્રિહેન્સિવ વિઝન સેન્ટર, ગાંધીનગર પાસેનાં ઉનાવા ગામમાં બનાવવામાં આવ્યું છે.

આ સેન્ટર તૈયાર કરતાં ૧૪ માર્ચ - ૨૦૨૨ ના રોજ બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદિનીબેન રાવલ, ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ડૉ. ધર્મેન્દ્ર જૈના, રોજગાર અધિકારીશ્રી રમેશભાઈ પટેલ તેમજ શેઠ શ્રી સી.સી શાહ સ્કુલનાં ટ્રસ્ટીઓ મીટીંગમાં રહ્યાં હતા તેમજ કંપની દ્વારા શ્રીમતી રીના ભગવતી દાતાશ્રીએ આ સેન્ટરમાં વીસ લાખ રૂપિયા સાધન સહાય માટે ઉદાર હસ્તે આપ્યાં છે. આ સેન્ટર તૈયાર થતાં આસપાસનાં વધુ ગ્રામ્યજનોને ટૂંક સમયમાં દ્રષ્ટિની સંભાળ માટે વધુ સારી સુવિધાઓ પ્રાપ્ત થશે.







# શ્રધ્ધાંજલિ

બીપીએમાં ચાર દાયકાથી કર્મચારીશ્રી ભરત એ. ધુરી પ્રવૃતિમય રહ્યાં હતાં. તેઓની સંસ્થામાં પ્રારંભની નોકરી બ્રેઈલ પ્રેસમાં એકાઉન્ટન્ટ તરીકે રહી હતી અને ત્યારબાદ બીપીએ ફોટોગ્રાફર તરીકે તેઓ નિષ્ઠાથી ફરજ અદા કરતાં હતાં. તેઓનું હ્રદય બિમારીને કારણે નિધન થયું છે. ભગવાન તેઓનાં આત્માને શાંતિ અર્પે તે પ્રાર્થના.

**બીપીએ ન્યૂઝલેટર, બ્લાઈન્ડ પીપલ્સ એસોસીએશન એ (અગાઉનું અંધજન મંડળ) ત્રિમાસિક ન્યૂઝલેટર છે. જો તમે કેટલાક લેખો આપવા માંગતા હો તો કૃપા કરીને અંધજન મંડળનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રીમતી નંદિનીબેન રાવલનો સંપર્ક કરો.**


**Phone**: (079) 26305082, 26304070, 26303513  **Fax**: (079) 26300106
**E-Mail**: gchscbpa@gmail.com, nandinibpa@gmail.com  **Website**: www.bpaindia.org


**All donations exempted under Section 80G of the Income Tax Act, 1961**


મુદ્રક-પ્રકાશક : ડૉ. ભૂષણ પુનાની, સામાન્યમંત્રી, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા પ્રકાશિત અને વિવિધ અંધજન તાલીમ કેન્દ્ર, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા મુદ્રિત
સંપાદક : શ્રી બિપીન મહેતા, સહ-સંપાદક : શ્રી હસમુખ શ્રીમાળી
કમ્પ્યૂટર સેટિંગ : શ્રીમતી જી. ધિંગરા, શ્રીમતી જી. શહેરા ડિઝાઈન યુનિટ શ્રી અવધ ત્રિવેદી
પ્રિન્ટિંગ : શ્રી નારાયણભાઈ પ્રજાપતિ



## ONLINE SUPPORT - A Click away

Now you can donate to BPA online, just click on http://www.bpaindia.org/donation.php we have tied up with PayU Gateway for online donation. We accept donation through Credit / Debit Card Also.

You can Donate through G Pay / Paytm

Give India : http://www.giveindia.org/m-31-blind-peoples-association-india.aspx

HDFC Online : https://www.billdesk.com/hdfc/BPA/hdfc_blind_people_association.htm

Voice of SAP : www.voiceofsap.org

Global Giving : http://www.globalgiving.org/projects/seeing-is-believing/

Razorpay: bpaindia.org/donate-with-razorpay

Positive Sight : http://www.bpaindia.org/PS.htm

Pan India donation to BPA

Danamojo: http://www.bpaindia.org/danamojo.php

Milaap:https://milaap.org/fundraisers/support-education-and-rehablitation-services-to-children-with-disabilities